સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

જીવાય જીંદગી અપેક્ષાઓની તિતીક્ષામાં,
પસાર થાય કામનો સમય સમીક્ષામાં,
સુરક્ષાની શોધમાં ભટકે જિંદગી આખી -
વિના પરીશ્રમે થાય સફળ પરીક્ષામાં

હાઈકુ

છે હવાતિયાં
પ્રાણીના ભોગે પણ -
જીવી જવાનાં

ગાયના વત્સ
બલિની ખલબલી -
એમાં શું વાંધો?

ચિંતન

કઃ કં શક્તો રક્ષિતું મૃત્યુકાલે રજ્જચ્છેદે કે ઘટં ધારયન્તિ ।
અવં લોકસ્તુલ્યધર્મો વનાનાં કાલેકાલે છિદ્યતે સહ્યતે ચ ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદાવલિમાંથી લેવામાં આવેલ છે.

મૃત્યુનો સમય આવે ત્યારે કોણ કોનું રક્ષણ કરી શકે છે? ઘડાનું દોરડું તૂટી જાય તો ઘડા ને કોણ ડૂબતાં બચાવી શકે?

આવો જ સમાજના ધર્મ જેવો જ ધર્મ જંગલનો પણ છે. જંગલો સમયે સમયે કપાય છે અને ફરી ઉગે છે. નાશ પામે છે અને ફરીથી જન્મે છે અહીંયા. બે ઉદાહરણ થકી સમજાય છે કે મૃત્યુ અફર છે, કોઈ એને રોકી શકતું નથી. સૌ કોઈ સમજી શકે તેવું જ મૃત્યનું છે. માટે મૃત્યુથી ડરવું નહીં અને છેલ્લી ઘડી સુધી પોતાના ધર્મનું પાલન કરવું. જગત પરિવર્તનશીલ છે, સમગ્ર વિશ્વ સર્જન પામે છે પછી પ્રલયમાં નાશ પામે છે, અને પાછું તેનું નવ સર્જન થાય છે.

સુવિચાર

- ગ્રંથથી ગ્રંથિ ટળે, સાધકને સાછી દિશા મળે, ગ્રંથ બતાવે પંથ એમાં વર્તન - પરિવર્તન - **જીવન પાથેય**
- યે જિંદગી તમન્નાઓં કા ગુરદસ્તા હી તો હૈ, કુછ મહકતી હૈ, કુછ મુરજાતી હૈ ઔર કુછ ચુભ જાતી હૈ - **બલવંતસિંહ**
- જીવનાં યાદ રાખના જેવું સૂત્ર : 'શુભ વિચારોનું આયુષ્ય ટૂંકું હોય છે, રવાના થઈ જાય એ પહેલાં તેને અમલી બનાવી દેવા' - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસની સૌથી મોટી તકલીફ : એને એકલા ફાવતું નથી અને બધાંની સાથે જામતું નથી - **પૂજ્ય વિજયરત્નસુંદરસૂરિજી**
- જીવનમાં વિવેકનો જન્મ થવો એટલે લોઢા જેવા જીવનનું સુવર્ણમય બનવું - **મોરારિ બાપુ**
- કરુણા જ યજ્ઞ છે, કરુણાનો પ્રસાદ સૌને વહેંચવો જોઈએ - **ધર્મલોક**
- આજનું ઔષધ : કેરીની ગોટલીનો પાઉડર બાળકોને ચપટીક સવાર-સાંજ આપવાથી કૃમિ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

રાજા થીબા એક મહાન યોગી પણ હતા અને મહેલમાં રહેવા છતાં અનાશક્ત હતા. એક મહાત્મા એમની પાસે ગયા અને પૂછ્યું, 'હે રાજન, હું વર્ષોથી અખંડ જાપ અને ધ્યાન કરી રહ્યો છું. પણ મને જ્ઞાન મળતું નથી. બીજી તરફ તમે રાજમહેલમાં રહો છો છતાં જ્ઞાનયોગી તરીકે ઓળખાઓ છો, તેનું રહસ્ય શું છે? રાજાએ મહાત્માને કહ્યું, 'મહાત્મા, આ દીવો લઈ મારા મહેલમાં મારા શયનકક્ષમાં જાઓ. સામાન્ય માણસ જે સુખ-સુવિધા માટે સતત દોડ્યા કરે છે તે બધી જ સુખ અને ભોગની સાધન-સામગ્રી ત્યાં મોજૂદ છે. પણ ખાસ ધ્યાન એ રાખજો કે દીવો બુઝાવો ન જોઈએ.' મહાત્મા ગયા મહેલમાં પણ ત્યાંથી તરત જ પરત ફર્યા. રાજાએ પૂછ્યું. 'ત્યાં બધું જ હતું, સ્વાદિષ્ટ ભોજન અને બીજી ઘણી બધી વૈભવની વસ્તુઓ ત્યાં હતી તો તમે એમાંથી કેમ કોઈનો ઉપયોગ કર્યો નહીં?' મહાત્માએ કહ્યું, 'આપે ઘણી બધી વસ્તુઓ મારા માટે ઉપલબ્ધ કરાવી પણ મારું મુખ્ય ધ્યાન તો દીવો બુઝાય નહીં તેના પર હતું.' રાજાએ કહ્યું, 'બસ આ જ વાત લોકો સમજી ન શકવાને કારણે તેમને જ્ઞાનની પ્રાપ્તિ થઈ શકતી નથી. છેવટે ઘણા લોકો સુખનો ઉપભોગ કરી તો લે છે પણ આત્મજ્ઞાનના દીવાની તરફ જરા પણ ધ્યાન આપતા નથી. યોગ્યતા તો એ છે કે આપણે આપણી મર્યાદામાં રહીને ભોગ કરીએ પણ આપણી આત્મોન્નતિનો દીવડો કાયમ પ્રજ્જવલિત રાખીએ. જે વ્યક્તિ આ બંનેમાં સમતુલા જાળવી જાણે છે, એ જ શ્રેષ્ઠ ગણાય છે. જે વ્યક્તિ આ બંનેમાં સમતુલા જાળવી જાણે છે, એ જ શ્રેષ્ઠ ગણાય છે. આપણે સુખની સાથે આત્મોન્નતિ માટે પણ સજાગ રહેવાની જરૂર છે.' મહાત્મા એ રાજાની વાત સમજી ને વિદાય લીધી.

યોગ દિવસે 'ફલાઈંગ શીખ'નું પુણ્યસ્મરણ

તંત્રીસ્થાનેથી...

સ્પોર્ટ્સની પ્રવૃત્તિને એક ગરીબ દેશ આપી આપીને કેટલું પ્રોત્સાહન આપી શકે? ભારત આઝાદ થયું ત્યારે ગરીબ રાષ્ટ્ર હતું. અંગ્રેજોએ એને ચૂસી ચૂસીને હાડપિંજર બનાવી દીધેલું હતું. એના નાગરિકને પૌષ્ટિક આહાર નહોતો મળતો. કઠોર પરિશ્રમને અંતે માંડ બે છેડા સંધાતા હતા. 'દાલ રોટી ખાઓ, હરિ કે ગુન ગાઓ' - એ પંક્તિ મુજબ બહુ જ સામાન્ય સ્તરનું, સાદું જીવનધોરણ ધરાવતા દેશના યુવાનો વિશ્વ કક્ષાની રમત સ્પર્ધા સુધી પહોંચવાનું સપનું પણ નહોતો જોઈ શકતો. એવા કપરા સંજોગોમાં ધ્યાનચંદે હૉકીમાં ડંકો વગાડીને સ્પોર્ટ્સની દુનિયામાં ભારતનું નામ સુવર્ણાક્ષરે લખાવ્યું હતું. કૃતજ્ઞ રાષ્ટ્રે એની કદર લેખે રાજધાની દિલ્હીમાં સ્ટેડિયમનું નામકરણ કર્યું છે. ધ્યાનચંદ પછી આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સમાં દેશનું ગૌરવ વધારનાર દોડવીર મિલ્ખાસિંહ હમણાં જ એકાણું વર્ષની પાકટ વયે દિવંગત થઈ ગયા. 'કોરોનાએ ભારતમાં કચ્ચરઘાણ વળી દીધો છે' - એ મતલબનું અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું વિધાન અમુક સંદર્ભે ખૂબ સાચું છે. કોરોનાએ પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીથી લઈ મહાન ખેલપુરુષ મિલ્કાસિંઘનો ભોગ લીધો છે. મિલ્ખાસિંઘનાં ધર્મપત્ની પાંચ દિવસ પહેલાં જ અગોચરની યાત્રાએ ઊપડી ગયાં હતા. મિલ્ખાએ એમની પાછળ ને પાછળ દોટ મૂકી છે. 'ઊડતા શીખ'નું બિરુદ મેળવનાર દોરવીરને પત્નીનો પાલવ આંબતાં ઝાઝી વાર નહીં લાગે. ઓલિમ્પિકમાં સારો દેખાવ કરનાર એશિયન ગેમ્સમાં અને કોમનવેલ્થ ગેમ્સમાં ભારતની સર્વોપરિતાનો પરચમ લહેરાવ્યો હતો. પાકિસ્તાનનો ભાગ બની ગયેલા ગામથી હિજરત કરીને વિભાજન વખતે હિંદુસ્તાન ચાલ્યા આવેલા મિલ્કા પર તો ફિલ્મ પણ બની છે. 'ભાગ, મિલ્ખા ભાગ!' - એ શબ્દોએ એમને કટ્ટરવાદીઓના સકંજામાંથી છટકી જવાનો કીમિયો સુઝાડ્યો હતો. બસ, એ પછી એ સતત 'ભાગતા' જ રહ્યા. પાકિસ્તાનમાં યોજાયેલ સ્પોર્ટસ ઈવેન્ટમાં જવાનું મન નહોતું છતાં જવાહરલાલ નહેરુએ પોરસાવ્યા એટલે ગયા. જઈને ત્યાંના પ્રખર દોડવીરને હંફાવી તત્કાલીન પાકિસ્તાન સરમુખત્યાર ઐયુબ ખાનના મોઢેથી સરી પડેલ 'ફલાઈંગ શીખ' જેવું રુપકડું છતાં અર્થસભર બિરુદ બઝાડી દીધું જે કોઈપણ ગોલ્ડ મેડલ કરતાં એમની મોટી ઓળખ બની રહ્યું હતું. હોકી સમ્રાટ ધ્યાનચંદને હિટલરે જર્મનીમાં વસી જવાની ઓફર કરી હતી જે એમને નકારી દીધી હતી. પંડિત નહેરુએ એમને શું જોઈએ છે તે પૂછ્યું ત્યારે પણ એમણે કશી માગણી નહોતી કરી. ભારતનું વિશ્વસ્તરે નામ ઊંચું કરવામાં બિસ્મિલ્લાખાં અને પંડિત રવિશંકરથી લઈ ક્રિકેટવીર સચન તેંદુલકર અને સિનેસ્ટાર દિલીપકુમાર કે અમિતાભ બચ્ચન જેવી સેલિબ્રિટીઝનાં નામ દેશમાં અને વિદેશમાં વસતાં ભારતીયોની છાતી ફુલાવતાં રહ્યાં છે. મિલ્ખાસિંઘ એ તમામ કરતાં નોંખી અનોખી ઈમેજ સાથે એક પૂર્ણ જીવન જીવીને રાષ્ટ્રની યુવાનીને સદાબહાર યૌવન સંદેશ આપતા ગયાં છે. પંજાબ સરકારે મિલ્ખાસિંઘને સંપૂર્ણ રાજકીય સન્માન સહિત વિદાય આપી અને એમના માનમાં એક દિવસનો શોક પાળ્યો. મિલ્ખાના અંતિમ સંસ્કાર વખતે કેન્દ્રીય સ્પોર્ટ્સ મંત્રી કિરણ રિજિજુ પણ હાજર રહ્યા. તે એમના પ્રત્યેની વર્તમાન સરકારની ઊંડી સંવેદનાનું પ્રમાણ છે. યોગાનુયોગ આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પણ છે. યોગ એ પ્રાચીન ભારતની અણમોલ ધરોહર છે. ભારતમાંથી એ દુનિયાના ખૂણે ખૂણે પહોંચીને સ્વાસ્થ્યની અહાલેક જગાડી રહેલ છે. મહર્ષિ પતંજલિ પ્રણીત યોગ ભારતીય જીવન પ્રલાણીનો જ એક ભાગ હોવા છતાં કાળક્રમે ભુલાતો ચાલ્યો હતો. મહર્ષિ મહેશ યોગીએ યોગને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રચલિત કરવાનો પુરુષાર્થ કર્યો હતો. પરંતુ બાબા રામદેવે એને પૂર્ણપણે વિકસાવવામાં અને એનાથી આરોગ્યલાભ વિશેની જાણકારી ફેલાવવામાં અપ્રતિમ સફળતા મેળવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે યોગાભ્યાસી છે. એમના પ્રયત્નોથી ૨૧ જૂનનો દિવસ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઓળખાવવા લાગ્યો છે તે તમામ ભારતવાસીઓ માટે ગૌરવની બાબત છે. સૌને યોગ દિવસની હાર્દિક શુભેચ્છાઓ.

લીવ ઈનમાં રહેતા હોય તો પણ સુરક્ષા પુરી પાડવી જોઈએ - હાઈકોર્ટ

બંધારણની કલમ : ૨૧ મુજબ નાગરીકોના જીવન અને આઝાદીના અધિકાર અને કાનૂનના શાસનને જાળવી રાખવાની ફરજ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે લીવ-ઈન રીલેશનશીપમાં રહેતા એક યુગલને સુરક્ષા પ્રદાન કરતો હુકમ કરતા રાજ્ય સરકારને આદેશ આપી જણાવેલ કે, યુગલને પોતાની મરજી મુજબ જીવન જીવવાનો અધિકાર છે તેને સમાજ અલગ કરી શકે નહી. યુગલના નિર્ણયનું મૂલ્યાંકન કરવાનું કામ હાઈકોર્ટનું નથી.

હાઈકોર્ટની સીંગલ જજની બેંચે પંજાબના ભટીંડાની ૧૭ વર્ષની યુવતી અને ૨૦ વર્ષના યુવકની અરજી ઉપર આ આદેશ કરી ઐતિહાસિક નિર્ણય લીવ ઈન રીલેશનમાં રહેતા યુગલો માટે કરેલ છે. વગર લગ્નગ્રંથિથી જોડાયા સિવાય યુવક અને યુવતી સાથે રહે તેને સમાજ યોગ્ય રીતે મુલવતો નથી. સંસ્કાર અને સંસ્કૃતીની વિરૂધ્ધનું કૃત્ય ગણી સમાજ આવા સંબંધોની સ્વીકૃતિ આપતો નથી. પરિણામે આવા સંબંધમાં જોડાનાર વ્યક્તિનું જીવવું સમાજ હરામ કરી નાખે છે. યુગલે પોતાની સુરક્ષાની અને પરિવારના સભ્યોથી આઝાદી માટે વિનંતી કરી હતી.

નામ. હાઈકોર્ટે જણાવ્યું હતું કે, ભારતમાં અને ખાસ કરીને હરિયાણા, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશના કેટલાક વિસ્તારમાં ઓનર કિલીંગની ઘટનાઓ વારંવાર બનતી હોય છે. જે સમાજ માટે કલંકરૂપ છે અથવા યુગલોની સુરક્ષા કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે.

યુવતીના માતા-પિતા યુવતીના લગ્ન કોઈ અન્ય યુવક સાથે બળજબરી પૂર્વક કરાવવા ઈચ્છતા હતા, પરંતુ યુવતી ૧૭જ વર્ષની હોવા છતાં ૨૦ વર્ષના યુવક સાથે લીવ ઈનમાં રહેવા માંગતી હતી તેથી સમાજ તથા પરિવારના સભ્યોથી પોતાની જાતને ખતરો છે. વિવાહ યોગ્ય ઉંમર ના હોવાના કારણે લગ્નગ્રંથિથી જોડાયા નથી. પોલીસ વડાને સુરક્ષા માટે જણાવ્યુ હતું, પરંતુ તેમણે યુગલની સુરક્ષા માટે યોગ્ય વ્યવસ્થા કરેલ ના હોય નામ. હાઈકોર્ટમાં અરજ ગુજારેલ છે અને યુવક અને યુવતી સાથે લગ્નજીવન જીવવા માંગે છે. સરકાર પક્ષે દલીલ કરેલ કે, આવા મામલા કોર્ટે ફગાવી દીધા છે. ત્યારે હાઈકોર્ટે જણાવ્યું કે, ભારતીય બંધારણની કલમ : ૨૧ મુજબ નાગરિકોના જીવન અને આઝાદીના અધિકાર અને કાનૂનના શાસનને જાળવી રાખવામાં પોતાની ફરજ બજાવવામાં નિષ્ફળ જ છે. યુવક-યુવતી બંને લગ્ન કરવા માંગતા હોય સાથે રહેવાનો નિર્ણય કરેલ છે. જે તેમનો સ્વતંત્ર અધિકાર છે. તેમાં સમાજ કે પરિવારે દખલઅંદાજી કરવી જોઈએ નહી. લીવ-ઈન રીલેશનના બધા જ સંબંધો ખોટા હોતા નથી. યુવતી ૧૮ વર્ષની થાય ત્યારે તે જ યુવક સાથે લગ્ન કરવા માંગતી હોય તેનો ઈરાદો ખરાબ નથી. વ્યક્તિએ કોની સાથે લગ્ન કરવા તે તેનો સ્વતંત્રતાનો અધિકાર છે. જેને સમાજ કે પરિવાર છીનવી શકે નહી અને સમાજ કે પરિવારથી જાનનું જોખમ હોય તો આવા યુગલને સુરક્ષા પુરી પાડવી એ રાજ્યની પ્રથમ ફરજ છે. જો કોઈ પણ વ્યક્તિ એ લગ્ન વિના સાથે રહેવાનો નિર્ણય કર્યો છે તો આવા લોકોને સુરક્ષા આપવાનો ઈન્કાર કરવો એ ન્યાયની મજાક કહેવાશે અને આવા યુગલોને ક્યારેક ગંભીર પરિણામ ભોગવવા પડી શકે છે. જેમને સુરક્ષાની તરતી જરૂર હોય છે સમાજમાં ઓનર કિલીંગ માટે કેટલીક યુવતીઓને મારી નાખવામાં આવી છે. સમાજ હંમેશા પ્રેમ કરનારને દુશ્મનની નજરેજ જોવે છે. સમાજમાં જાત-પાત, ઉંચ-નીચ, ના ભેદભાવો હજુ પ્રવર્તે છે. જેનો ભોગ લગ્ન કરનાર યુવક યુવતીઓ હંમેશા બનતા આવેલ હોય રાજ્ય સરકારની પ્રાથમિક ફરજ છે કે આવા યુગલોને સુરક્ષા પુરી પાડવી. તેમને સ્વતંત્ર જીવવાનો, મરજી મુજબ સાથે રહેવાનો સંપૂર્ણ અધિકાર છે જે છીનવી શકાય નહી.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

વરસાદ એટલે ધરતી પર અનુભવાતો ઈશ્વરનો સાક્ષાત્કાર...

WhatsApp ઓફ ધી વીક
નેહલ ગઢવી

વર્ષાઋતુની મનમોહકતા કંઈક ન્યારી જ છે. તેનાં અવનવા રૂપ માનવીના જીવનમાં નવજીવન-નવચેતના સ્વરૂપે વરસે છે. આ વરસવું એ જ ખીલવું, વિકસવું અને વિસ્તરવું. વરસાદ એટલે ધરતી પર અનુભવાતો ઈશ્વરનો સાક્ષાત્કાર. ઉત્સાહ, ઉમંગ અને ભાવની મસ્તીમાં ભીંજાતા ભીંજાતા આપણે આ સંસારના તમામ ગમતા કે ન ગમતા કાર્યો કરતાં જ રહેવાના હોય છે ! જીવનમાં ઉતાર-ચડાવ તો આવ્યા જ કરે ! પરંતુ, આ મનમયૂર તો થનગનાટ કરતું વરસાદમાં મસ્ત બની ગહેકી જ ઉઠે છે ! અનિલ જોશી લખે છે કે,

પહેલા વરસાદનો છાંટો અને વાગીયો હું
પાટો બંધાવા હાલી રે...
વૈત વેંત લોહી કાંઈ ઊંચું થીયું ને
જીવને ચઢી ગઈ ખાલી રે....

પ્રત્યેક ઋતુઓને પોતાનો એક આગવો મિજાજ હોય છે. ઋતુઓની અનુભૂતિના માપદંડ દરેક વ્યકિતએ અલગ હોઈ શકે, પરંતુ આનંદની પરિભાષા સૌને એક જ છે. તેમાંય પહેલા વરસાદની તો વાત જ કંઈક નિરાળી હોય છે, રોમાંચક હોય છે ! પહેલા વરસાદના વાદળ અને વીજના રૂઆબ કેવા અદ્‌ભૂત હોય છે ! આકાશી અમૃતનો લાભ અને આભથી વછૂટતાં ભીનાં વેણનાં વહેણમાં આવતો વરસાદી કેફ અને કેફ દ્વારા પહેલા વરસાદની, મોસમના મિજાજને પામવાની વાત નીતા રમૈયાએ સુંદર રીતે વર્ણવી છે;

પહેલે વરસાદે, કેમ કરી પામવા
મોસમના અઢળક મિજાજ ;
ઊભા રહે તો, રાજ, આંખ ભરી જોઈ લઉં
વાદળ ને વીજના રુઆબ.

આપણાં પ્રાચીનતમ ગ્રંથોમાં ઋતુઓનો મહિના ઉલ્લાસપૂર્વક ગવાયો છે. પ્રાચીનકાળથી જ વરસાદના મનોરથમાં ભીંજાવું સૌ કોઈને ગમે છે. આપણાં ઉપનિષદમાં માણસને આકાશનો પુત્ર કહયો છે. આગળ જતાં આપણા મહાકવિ વાલ્મિકીએ રામાયણના ૨૮મા સર્ગમાં વર્ષોનું વર્ણન કર્યું છે. તુલસીદાસે પણ રામચરિતમાનસના કિષ્કિન્ધા કાંડમાં સીતાની શોધમાં નીકળેલા રામાને વર્ષની અનુભૂતિ કેવા પ્રકારની થાય છે તેનું વર્ણન કર્યું છે. તો મધ્યકાળમાં ભકતકવિ નરસિંહ મહેતાનું સર્જન યાદ આવ્યા વિના કેમ રહે ?

મેહુલો ગાજે ને માધવ નાચે, રૂમઝૂમ વાગે પાય ઘૂઘરડી
તાલ પખાજ વજાડે રે ગોપી, વહાલો વજાડે વેણુ વાંસલડી રે
ધન વંસીવટ, ધન જમનાતટ, ધન ધન આ અવતાર રે
ધન નરસૈયાની જીભલડીને, જેણે ગાયો રાગ મલ્હાર રે

ઉપરોકત રચનાં કલ્પન, પ્રતીક, અલંકાર, પ્રાસ-અનુપ્રાસ, લય, નાદ અને ભાષાની સુંદર પદરચના દ્વારા વરસાદમયતાનું અલૌકિક વાતાવરણ વાતાવરણ રચી આપે છે. તો વળી રમેશ પારેખ વરસાદને કંઈક નોખી જ રીતે મૂલવે છે;

એક વરસાદનું ટીપું અમે છબીમાં મઢયું,
ત્યારથી ભેજભર્યા ઓરડા કોરા ન થયા ...
આજ વરસાદ નથી એમ ન કહેવાય, રમેશ;
એમ કહીએ કે, હશે, આપણે ભીના ન થયા.

વરસાદને સૌએ પોતપોતાની રીતે મૂલવ્યો છે. દરેકને માટે એ જુદી-જુદી સંવેદનાઓ લઈને આવે છે ! કોઈ ક્ષુબ્ધ મન સાથે વરસાદમાં ભીંજાઈ રહયું હોય ત્યારે તેનો હેતુ કંઈક અલગ જ હોય ! તે વરસાદને માણી શકતો નથી પરંતુ, વરસાદમાં પોતાના અશ્રુઓને આ જગતથી છાના વહેવડાવે છે ! ચોમાસું અઢી અક્ષરના પ્રેમને મળતું આવે છે અને એનું સંવેદન પૂરવા અડધા અક્ષરની ખોટ પૂરવા તેને સાજન પાસે જવાની તાલાવેલી લાગે છે. ભગવતીકુમાર શર્મા તેમની આ રચનામાં સુંદર શબ્દોની ઘટમાળ દ્વારા વરસાદને જીવંત રીતે રજૂ કરે છે !

અઢી અક્ષરનું ચોમાસું, ને બે અક્ષરના અમે;
ખોટ પડી અડધા અક્ષરની, સજન, પૂરજો તમે!
પાંચ અક્ષરનો મેઘાડંબર, બે અક્ષરનો મેહ,
અઢી અક્ષરના ભાગ્યમાં લખિયો અઢી અક્ષરનો વેહ !

ગ્લોબલ વોર્મિંગ અને વૃક્ષછેદનના આ યુગમાં અતિશય ગરમીના પ્રકોપથી બચવા વધુ એક એ.સી. મૂકાવવાને બદલે આપણે આંગણ માં એક લીમડો વાવીએ તો વધુ સારું ! પછી વાદળોનું ટોળુ લાઈક કરવા ઊમટશે જ, એક ફ્રેન્ડ રીકવેસ્ટ વૃક્ષોને મોકલી તો જુઓ ! વરસાદ જો થોડો વરસીને રહી જાય તો આપણે સૌ ચિંતિત બની જઈએ છીએ ! અને આપણાથી કહેવાઈ જાય છે કે,

તમે મન મૂકીને વરસો
ઝાપટું અમને નહિ ફાવે !
અમે હેલીના માણસો
માવઠું અમને નહિ ફાવે ! કવિ ગૌરાંગ ઠાકરે સાંપ્રત સમયને લક્ષમાં રાખીને વરસાદને મોબાઈલ સાથે મૂલવવાનો પ્રયત્ન કર્યો છે. વરસાદી વાતાવરણ અને મોબાઈલને સાંકળીને વરસાદને નવી જ રીતે જોવાનો પ્રયાસ કર્યો છે.

કાળિયા વરસાદ તને પરણાવી ધરતીને
દીધો છે સેલફોન દહેજમાં,
અષાઢી મેઘ મૂવા કયાં તુ ભરાણો,
આજ તારો મોબાઈલ નથી રેન્જમાં.
લાગણીનું પ્રીપેઈડ ખાલી કરીને,
હવે મિસકોલ કરતી મીસીસ છે,
ફુરસદમાં સ્ટેજ હવે વરસીને વાંચ,
એની આંખોમાં ચાર-પાંચ થીસીસ છે,
બેટરીની જેમ એનું બી.પી. થાય લો,
તારો આવે મોબાઈલ એન્ગજમાં.
આજ તારો મોબાઈલ નથી રેન્જમાં ....

Last Seen :

વરસાદમાં ભીંજાય વિનાના લોકો માટે અનુકંપા વ્યકત કરતા સંદીપ ભાટીયા લખે છે કે,

આખું ચોમાસું તે મોકલ્યુ ટપાલમાં
ને પરબીડયું ગયું ગેરવલ્લે
હવે મારું ભીંજાવું ચડયું ટલે.

આપણે સૌ આ વરસાદને અને અષાઢી માહોલને મન ભરીને માણી શકીએ અને સમયના અભાવે આપણું ભીંજાવું ટલ્લે ન ચડે એ જ હવે જોવાનું ...!!!

- nehalgadhavi101@gmail.com

ગુજરાતી પત્રકારત્વ ૨૦૦ વર્ષનું થશે : એક પારસી બાવા, જાંબાઝ તંત્રી ફર્દુનજી મર્જબાનએ ભારતીય પત્રકારત્વનો પાયો નાખ્યો

નવી સવાર
રમેશ તન્ના

પહેલી જુલાઈ, ૨૦૨૧ના રોજ ગુજરાતી પત્રકારત્વ પોતાની દ્વિશતાબ્દિ એટલે ૨૦૦ વર્ષનો પ્રારંભ કરશે. પહેલી જુલાઈ, ૧૮૨૨, વિક્રમ સંવત ૧૮૭૮ના અષાઢ સુદ ૧૨ને સોમવારે ''શ્રી મુમબઈનાં સમાચાર'' નામનું અખબાર મુંબઈમાં શરૂ થયું હતું. તે શરૂ કરનારા હતા પારસી ફરદુનજી મર્ઝબાન. કોણ હતા ફરદુનજી મર્ઝબાન ? અને તેમણે શા માટે કેવી રીતે ગુજરાતી ભાષાનું પ્રથમ અખબાર શરુ કર્યું તેની વિગતો સંક્ષિપ્તમાં જોઈએ. ફરદુનજીનો જન્મ ૧૭૮૭માં સુરતમાં થયો હતો. બાર વર્ષની ઉંમર સુધીમાં ફરદુનજી પિતા મર્ઝબાનજી પાસેથી ધાર્મિક ક્રિયાઓ ઉપરાંત ગુજરાતી અને ફારસી શીખ્યા. એક પંડિત પાસે સંસ્કૃત પણ શીખ્યા. ભરૂચના એક હકીમ પાસેથી વૈદક પણ શીખ્યા. ફરદુનજીની ઈચ્છા વધુ અભ્યાસ માટે મુંબઈ જવાની હતી, પણ પિતા મર્ઝબાનજી કહે કે ઘણું ભણી લીધું, હવે થાળે પડે તો સારું. આ બાબતે બાપ-દીકરા વચ્ચે અવારનવાર ચકમક પણ ઝરતી. છેવટે એક દિવસ, ૧૭૯૯, માત્ર બાર વર્ષની ઉંમરે પોતાની ભણવાની બધી ચોપડીઓ પોટલામાં બાંધીને કોઈને કહ્યા વિના ફરદુનજી ઘરમાંથી ભાગી ગયા. રાતવાસો કરવા એક ગામમાં રોકાયા. ત્યાં સંસ્કૃત શ્લોકો કડકડાટ બોલીને તેમણે ગામલોકોને અચંબામાં નાખી દીધા. જો કે તેમને શોધવા નીકળેલા લોકોના હાથે પકડાઈ ગયા અને પાછા ઘરે લઈ જવાયા.

મુંબઈ સમાચાર
પ્રથમ અઠવાડીયું પ્રથમ પાનું
શ્રી મુમબઈનાં સમાચાર

દિવસો વિતતા ગયા. મુંબઈ જવાની તક છ વર્ષ પછી પુનઃ મળી. ૧૮૦૫માં પિતાના મિત્રના ઘરે લગ્નપ્રસંગમાં તેમને મોકલાયા. પછી તો મુંબઈ છોડી સુરત પાછા આવે ખરા ? નાનકડી બળદગાડીમાં બેસીને સુરતથી મુંબઈ ગયેલા ફરદુનજી પછી તો મુંબઈ જ રહી પડ્યા.

૧૮૦૮માં તેમણે બુક બાઈન્ડિંગનો ધંધો શરૂ કર્યો. છ મહિનામાં આવક થઈ દોઢ રૂપિયો. જો કે લશ્કરના સૈનિકોની ટોપીઓ બનાવવાનું કામ સર્જનાત્મકતા અને સાહસના જોરે લીધું અને ટકી ગયા. પોસ્ટની દુકાન ચલાવી. (એ વખતે ટપાલ-સેવા ખાનગી હતી.) આડતિયાનો ધંધો પણ શરૂ કર્યો. એ પછી તેમને થયું કે ગુજરાતી છાપવા માટે છાપખાનું (પ્રિન્ટિંગ પ્રેસ) શરૂ કરીએ. ગુજરાતી ટાઈપ નહોતા તો તેમણે પોતે ગુજરાતી ટાઈપનો આખો સેટ લોઢા ઉપર કોતર્યો. એ પછી પોતે જ તાંબાની તકતીઓ ઠોકી અને પછી તેમાં સીસું નાખીને ટાઈપ પાડ્યા. પોતે પાડેલા ટાઈપને ઘસી ઘસીને સાફ કરવા ઘરની મહિલાઓને પણ બેસાડી દીધી. ૧૮૧૨માં, પોતાના નાના ઘરમાં તેમણે ગુજરાતી ભાષાનું પહેલું છાપખાનું શરૂ કર્યું. તેમણે પોતે જાત મહેનતથી પ્રિન્ટિંગ પ્રેસ શરૂ કર્યું હોવા છતાં તેને પોતાનું નામ ના આપ્યું. લોકો તેને ''ગુજરાતી છાપખાનો'' તરીકે ઓળખવા લાગ્યા. ૧૮૧૨ની આ વાત છે. ૧૮૧૨થી ૧૮૧૪ સુધી આ છાપખાનામાં છપાયેલું કોઈ પુસ્તક આપણને મળતું નથી, પણ ૧૮૧૪માં આ પ્રેસમાં છપાયેલું અને ફરદુનજીએ પોતે બહાર પાડેલું વિક્રમ સંવત ૧૮૭૧નું પંચાંગ જાવા મળે છે. આ પંચાગની એ વખતે બે રૂપિયા કિંમત રાખી હતી જે અધધધ... કહેવાય. તો પણ તેની નકલો ચપોચપ વેચાઈ ગઈ હતી.

●●●

એ પછી ફરદુનજી મર્જબાનના મનમાં એક નવો કીડો આવ્યોઃ ગુજરાતી છાપું શરૂ કરવાનો. તેમણે મિત્રો - સ્વજનો - પરિચિતોના કાને વાત નાખી. મુંબઈના ગર્વનરને મળ્યા. ગુજરાતી ભાષાનું પહેલું અખબાર શરૂ કરતાં પહેલાં તેમણે તેની જાહેરાત કરવા ચોપાનિયાં પણ છપાવ્યાં હતાં. ૧૦મી જૂન, ૧૮૨૨ના રોજ 'મદેહનજરલ્લના મથાળા સાથે તેમણે ચોપાનિયાં છાપ્યાં. શું લખ્યું હતું તેમાં ? આ રહી એક ઝલક...

'શરવે ગુજરાતી વાંચનારા શેઠ લોકોની શેવામાં શેવક ફરદુનજી મોબેદ મરજબાનજી અરજ અને જાહેર અને જાણીતું કરે છે જે એ શેવકે ગુજરાતી ભાષા મધે એક અઠવાડિયાનું નીઉજ પેપર એટલે અઠવાડિઆંનાં સમાચાર છાપવા ઠેડવેઉ છે ને તારીખ ૧લી આવતા જુલાઈ મહીનાની, સંવત ૧૯૭૮નાં આખાડ શુદી ૧૨ને શોમવારને દંતથી પહેલું 'શ્રી મુંબઈનાં શમાચારલ્લ પતર પરેશ મધેથી એટલે જે છાપાનાં ઈંતર મધેથી બાહર પડશે....લ્લ

આ ચોપાનિયામાં તેમણે અખબારમાં શું શું છપાશે તેનો પણ ખ્યાલ આપ્યો હતો. એ પછી પહેલી જુલાઈ, ૧૮૨૨ના રોજ ગુજરાતી પત્રકારત્વનો સૂરજ ઊગ્યો અને આ ભાષાને મળ્યું પોતાનું પહેલું અખબાર 'શ્રી મુંબઈના સમાચાર'.

તેનું માસિક લવાજમ બે રૂપિયા અને ત્રૈમાસિક લવાજમ છ રૂપિયા હતું. અખબાર શરૂ થાય તે પહેલાં જ તેના ૧૫૦ ગ્રાહકો નોંધાઈ ગયા હતા જેમાં ૧૪ અંગ્રેજ, ૮ હિંદુ, ૬ મુસ્લિમ અને ૭ પારસી હતા. શરૂઆતમાં તે અઠવાડિક હતું અને દર સોમવારે છ પાનાનો અંક બહાર પડતો. ૧૮૩૨થી તેને દૈનિક કરવામાં આવ્યું. 'મુંબઈ સમાચાર' પછીનાં દસેક વર્ષ ફરદુનજી મર્ઝબાનની જાહોજલાલી વધતી ચાલી. તેમણે ચીન અને કલકત્તા (અત્યારનું કોલકત્તા) વચ્ચે શરૂ કરેલા વેપારમાં પણ સારી બરકત આણી. વેપાર કરવા તેમણે 'હિંદુસ્તાન' નામનું વહાણ લીધું હતું. છાપખાનાની આવક પણ વધી હતી. ગાડી-ઘોડા, વાડી-બંગળા, નોકર-ચાકર, બ